:: જાહેરનામું ::

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નંબર ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.**

---

નં.એમએજી/કોરોના વાયરસ/વશી.૧૯૮૨ /૨૦
જીલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા.૨૧/03/૨૦૨૦

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમાંયતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ની ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ COVID-19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગ રૂપે લોકોની વધુ અવરજવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવવાનું જાહેરનામુ કરવામાં આવેલ છે.

સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં આ વાયરસનો ચેપ ફેલાય નહિ તે અટકાવવા સારૂ હું ડૉ. ધવલ પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ ની મળેલ સત્તાની નીચે મુજબની જણાવેલ વિગતે સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમા માત્ર નીચે મુજબની આવશ્યક સેવાઓ જ તા.૨૨/03/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ વાગ્યા થી તા.૨૫/03/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ સુધી ચાલુ રાખવાની રહેશે.

(૧) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં આવેલ તમામ સરકારી અને નગરપાલિકા/પંચાયત સેવાઓ.

(૨) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં દુધ-શાકભાજી, ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર.

(3) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં મેડીકલ સ્ટોર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.

(૪) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં વીજળી અંગેની સેવાઓ, વીમા કંપની, ઈન્ટરનેટ/ટેલીફોન તથા આઈ.ટી. અને આઈ.ટી. સંબંધિત સેવાઓ.

(૫) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં મીડીયા-સમાચાર પત્રો, પેટ્રોલપંપ, પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થા તંત્ર.

(૬) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં બેંક/એ.ટી.એમ., બેંકનુ કલીયરીંગ હાઉસ, સ્ટોક એકસચેન્જ

(૭) સુરત જીલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં તમામ આવશ્યક વસ્તુઓના ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ

(૮) ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, દવાઓ, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ

અપવાદ :- આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

Scanned with CamScanner

આ સમય દરમ્યાન રાજય સરકાર/કેન્દ્ર સરકારની સુચનાઓનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. આગામી રાજય સરકારની સુચનાઓ પછી તેઓને કાર્યરત થવા દેવામાં આવશે.

ઉપરોકત હુકમનો ઉલ્લંઘન કરનાર ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા (ગ્રામ્ય) માં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસને બજવણી કરવી શકય ન હોય આથી એક તરફથી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીના કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમના નકલની પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમના નકલની પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ૨૨/૦૩/૨૦૨૦ ના રોજ મારી સહિ અને સિકકો કરી આપ્યો.

DISTRICT MAGISTRATE SURAT

(ડૉ. ધવલ પટેલ)
જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

**નકલ રવાના:-**

૧ પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરત તરફ.
૨/- જાહેરનામાની નકલો આ સાથે સામેલ છે જે આપના કાર્યક્ષેત્રના જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરાવી, પ્રસિધ્ધી થયાનો અહેવાલ અત્રે મોકલી આપવા તેમજ સદરહું જાહેરનામા મુજબ અમલવારી કરાવવા સારૂ.

૨ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.

૩ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત.

૪ સિવિલ સર્જનશ્રી, સુરત

૫ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

૬ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જી.સુરત.

૭ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ઓલપાડ/બારડોલી/મહુવા/કામરેજ/પલસાણા/માંડવી/માંગરોળ/ઉમરપાડા, જિ.સુરત .

૮ ચીફ ઓફિસરશ્રી, નગર પાલિકા તમામ.

૯ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., પાલ, સુરત.

સવિનય નકલ રવાના:-

૧ ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ (કા.વ્ય), સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨ ઉપસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩ પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજશ્રી, સુરત.

૪ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઇન્ટે.), સુરત રેન્જ, સુરત.

૫ પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત.

Scanned with CamScanner

૬ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલીકા, સુરત તરફ.

૭ જિલ્લા સરકારી વકીલશ્રી, સુરત.

નકલ રવાના:-

૧ સહાયક માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું , સુરત તરફ (૫-નકલ).

ર/- આ સાથે જાહેરનામાની નકલ સામેલ રાખી મોકલેલ છે. જે સ્થાનિક અખબારોમાં વિના મુલ્યે સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવી વર્તમાન પત્રોની કાપલીઓ મોકલી આપવા સારૂ.

૨ મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા તરફ.

ર/- સરકારી ગેઝેટ ના ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરી તેની નકલો આ કચેરીના ઉપયોગ સારૂ મોકલી આપવા વિનંતી છે.

Scanned with CamScanner